# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-04-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ-IAS MEET:

ભારતીય વહીવટી સેવા, IAS 2023 બેચના અધિકારીઓ ગઈકાલે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા હતા. રાષ્ટ્રપતિએ કહ્યું કે સ્થાનિક અને રાજ્યસ્તરે આ અધિકારીઓ દ્વારા કરવામાં આવતા વિકાસ અને જન કલ્યાણના કાર્યો રાષ્ટ્રીય લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. તેમણે અધિકારીઓને સલાહ આપી કે તેઓ હંમેશા તેમના અધિકારો અને સનદી કર્મચારીઓની જવાબદારીઓ વચ્ચે સંતુલન જાળવી રાખે.

-------------------------------------------------------------------------------------

## નિતિન ગડકરી-AIMA:

**માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ દેશના માળખાગત વિકાસના મહત્વ પર ભાર મૂક્યો અને દરરોજ 100 કિલોમીટર ધોરીમાર્ગો બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિએશન- AIMA ના 10મા રાષ્ટ્રીય નેતૃત્વ પરિષદને સંબોધતા, તેમણે કહ્યું કે આગામી 18 મહિનામાં, દેશનું રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અમેરિકા કરતા વધુ સારું થઈ જશે.**

**આ પરિષદ એક વિચારશીલ નેતૃત્વ મંચ છે જે ભારતીય અર્થતંત્ર અને રાષ્ટ્રના એકંદર વિકાસ માટે આગળ વધવાના માર્ગ પર રચનાત્મક સંવાદ માટે વિવિધ હિતધારકોને એકસાથે લાવે છે.**

-------------------------------------------------------------------------------------

# રાજ્યપાલ- પાકૃતિક કૃષિ મિશન:

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું છે કે, યોગ્ય પદ્ધતિ અને સંપૂર્ણ પ્રમાણિકતાથી પ્રાકૃતિક કૃષિ થાય તો ખૂબ સારું પરિણામ મળી શકે. આ માટે યોગ્ય તાલીમ અત્યંત જરૂરી છે.

રાજભવનમાં ગઈકાલે રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અંતર્ગત હાથ ધરાયેલી કામગીરીની સમીક્ષા બેઠક યોજાઇ હતી. પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા ગુજરાતમાં ત્રણ ગ્રામ પંચાયતોના એક ક્લસ્ટર લેખે 4,854 ક્લસ્ટર્સની રચના કરાઈ છે, જેમાં ત્રણ ગામ દીઠ બે વ્યક્તિઓ તાલીમ આપશે.

ગુજરાતના તમામ શહેરો અને તાલુકા મથકોમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ કેન્દ્રો શરૂ કરવા અને આ વેચાણ કેન્દ્ર પર પ્રમાણિત પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો જ વેચાય તેની ચોકસાઈ રાખવા આ બેઠકમાં વિચાર-વિમર્શ કરાયો હતો.

---

# સુક્ષ્મ સિંચાઈ પદ્ધતિ:

છેલ્લાં બે દાયકામાં રાજ્યના 15 લાખ 76 હજારથી વધુ ખેડૂતોએ 24 લાખ 34 હજાર હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી છે.

વર્ષ ૨૦૨૪-૨૫માં આશરે ૧.૨૦ લાખ હેક્ટર વિસ્તારને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયો હતો. સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ હેઠળ આવરી લેવાયેલા વિસ્તારની દૃષ્ટિએ ૪.૭૭ લાખ હેક્ટર વિસ્તાર સાથે બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં પ્રથમ સ્થાને,૧.૮૧ લાખ હેક્ટર વિસ્તાર સાથે જૂનાગઢ જિલ્લો દ્વિતીય સ્થાને તેમજ ૧.૩૨ લાખ હેક્ટર વિસ્તાર સાથે રાજકોટ જિલ્લો ત્રીજા સ્થાને છે.

**સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિને વેગ આપવામાં મધ્યમ વર્ગના ખેડૂતોનો ફાળો મહત્તમ રહ્યો છે. રાજ્યના ૮ લાખ ૬૧ હજાર ૮૩૩ મધ્યમ વર્ગના ખેડૂતોએ ૧૫.૯૪ લાખ હેક્ટર વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ અપનાવી છે.**

---

## રાહુલ ગાંધી-ગુજરાત મુલાકાત:

કોંગ્રેસના સાંસદ અને  વરિષ્ઠ નેતા. રાહુલ ગાંધી આજે  અરવલ્લી જિલ્લાના મોડાસામાં પક્ષના સંગઠન સર્જન અભિયાનનો પ્રારંભ કરશે.

રાજ્યમાં કોંગ્રેસનાં સંગઠનને મજબૂત કરવા માટે શ્રી ગાંધી ગઈકાલથી અમદાવાદની બે દિવસની મુલાકાતે આવ્યા છે. તેમણે   40 જેટલાં જિલ્લા નિરીક્ષકો સાથે વાતચીત કરી હતી. આ ઉપરાંત દરેક જિલ્લામાં કોંગ્રેસનું વ્યવસ્થિત કાર્યાલય બનાવવા પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

## કચ્છ-નવચેતન અંધજન મંડળ:

ભારત સરકારના એમએસએમઈ મંત્રાલય દ્વારા પ્રાયોજિત - આંત્રપ્રિનિયોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા અમદાવાદ દ્વારા આયોજિત કચ્છના નવચેતન અંધજન મંડળ - માધાપર ખાતે ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ વિષય પર એક દિવસીય સેમિનાર યોજાયો હતો.

જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીએ આર્ટિસન બહેનોને માનવ કલ્યાણ યોજના અંતર્ગત ભરતકામ, બ્યૂટીપાર્લર, અથાણા, પાપડ જેવી હાથબનાવટની વસ્તુ માટે સરકાર દ્વારા નિ:શુલ્ક કિટ સહાય તથા અન્ય વાજપેયી બેંકેબલ યોજના, પ્રધાનમંત્રી એમ્પ્લોયમેન્ટ રોજગાર યોજના વિશે માહિતી આપી હતી. નેશનલ રૂરલ લાઈવલીહૂડ મિશનના અધિકારીએ સ્વસહાય જૂથ વિશે માહિતી આપી વધારે ગ્રુપ બનાવી વ્યવસાય શરૂ કરવા જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## હવામાન:

હવામાન વિભાગે આગામી 3 દિવસ રાજ્યમાં  મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી વધારા સાથે  હીટવેવની આગાહી કરી છે.સૌરાષ્ટના કાંઠા વિસ્તારો અને દક્ષિણ ગુજરાતમાં વાતાવરણ ગરમ અને ભેજવાળું રહેશે.

હવામાન વિભાગ દ્વારા આજરોજ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, રાજકોટમાં યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી કરવામાં આવી છે.

ગઈકાલે સતત ત્રીજા દિવસે રાજ્યમાં સર્વાધિક ઉષ્ણ રહેલા ગાંધીધામમાં પારો 44.6 ડિગ્રીએ પહોંચતા અંજાર સહિતના વિસ્તારોમાં તાપ અનુભવાયો હતો. જીલ્લા મથક ભુજમાં મહત્તમ તાપમાન 41.2 ડિગ્રી રહ્યુ હતું. તો દિવસભર સરેરાશ આઠ કિલોમીટરની ગતિએ પવન ફુંકાયો હતો.

---